પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૬ | ૧૮ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હાહાકાર : દેશમાં ઓમિક્રોનના ૧૦૫ કેસ

## દિલ્હીમાં ૧૦ કેસ : કોરોનાના નવી વેરિયન્ટનો વિશ્વભરમાં હાહાકાર : ૪૦ લોકોના સેમ્પલ્સ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવ્યા તેમાં ૧૦ લોકોમાં ઓમિક્રોનનું સંક્રમણ નોંધાયું

**કયા રાજ્યમાં કેટલા કેસ**

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૩૨ |
| દિલ્હી | ૨૨ |
| રાજસ્થાન | ૧૭ |
| કર્ણાટક | ૦૮ |
| તેલંગાના | ૦૮ |
| કેરલ | ૦૭ |
| ગુજરાત | ૦૭ |
| પશ્ચિમ બંગાલ | ૦૧ |
| આંધ્રપ્રદેશ | ૦૧ |
| ચંદીગઢ | ૦૧ |
| તમિલનાડુ | ૦૧ |

નવી દિલ્હી, તા.૧૭

કોરોનાના સંક્રમણમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટના ૧૦ નવા સંક્રમિતો સામે આવ્યા છે. કુલ ૪૦ લોકોના સેમ્પલ્સ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવ્યા હતા. તેમાં ૧૦ લોકોમાં ઓમિક્રોનનું સંક્રમણ નોંધાયું છે. આ કારણે હવે દેશભરમાં ઓમિક્રોનના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૦૫ થઈ ગઈ છે. દેશમાં ઓમિક્રોન વેરિએન્ટથી સંક્રમિત લોકોની સંખ્યા ૧૦૫ થઈ ગઈ છે અને દિલ્હીમાં સંક્રમિતોનો આંકડો ૨૦ થઈ ગયો છે. ગત રોજ કોરોનાના ૮૫ નવા કેસ સામે આવ્યા હતા જેમાંથી ૪૦ લોકોના સેમ્પલ્સ જીનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવ્યા હતા અને તેમાં નવા કેસ સામે આવ્યા છે. ગુરૂવારે જે સંક્રમિતો નોંધાયા તેમણે છેલ્લા ૪ મહિનાનો રેકોર્ડ બ્રેક કર્યો છે. તેવામાં ડોક્ટર્સ લોકોને વિશેષ સાવધાની રાખવા માટે કહી રહ્યા છે. દેશ-વિદેશમાં જે રીતે ઓમિક્રોનના નવા કેસ સામે આવી રહ્યા છે તે એક મોટા જોખમની ઘંટડી સમાન છે. યુકેમાં એક જ દિવસમાં રેકોર્ડ સમાન ૮૮,૩૭૬ કેસ નોંધાયા છે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિએ પણ સંક્રમણની ભયાનકતાને લઈ ચેતવણી આપી છે.

# શેરબજારમાં ૮૮૯ પોઈન્ટનું ગાબડું

મુંબઈ, તા.૧૭

વૈશ્વિક બજારોમાં નકારાત્મક વલણ અને વિદેશી ભંડોળ દ્વારા સતત વેચવાલી વચ્ચે શુક્રવારે ઈક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ ૮૮૯ પોઈન્ટ તૂટ્યો હતો. ૩૦ શેરવાળો ઈન્ડેક્સ ૮૮૯.૪૦ પોઈન્ટ અથવા ૧.૫૪ ટકાના ઘટાડા સાથે ૫૭,૦૧૧.૭૪ પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૨૬૩.૨૦ પોઈન્ટ અથવા ૧.૫૩ ટકાના ઘટાડા સાથે ૧૬,૯૮૫.૨૦ પર બંધ થયો હતો. બીજી તરફ ઈન્ફોસિસ, એચસીએલ ટેક, પાવરગ્રીડ અને ટીસીએસ વધનારાઓમાં હતા. એલકેપી સિક્યોરિટીઝના એસ રંગનાથને જણાવ્યું હતું કે એફઆઈઆઈના સતત વેચાણને કારણે આ મહિને સૂચકાંકોમાં ઘટાડો થયો હતો, જેમાં માત્ર આઈટી સૂચકાંકો જ બચ્યા હતા. અગાઉ ગુરુવારે ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ અસ્થિર વેપારમાં ૧૧૩.૧૧ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા વધીને ૫૭,૯૦૧.૧૪ પોઈન્ટ પર બંધ થયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૭ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા વધીને ૧૭,૨૪૮.૪૦ પર બંધ થયો હતો. શુક્રવારે નિફ્ટી પણ ખરાબ રીતે ખુલ્યો હતો.

જોકે, છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનમાં સ્થાનિક શેરબજારોમાં ઘટાડો ગુરુવારે અટકી ગયો હતો અને બીએસઈ સેન્સેક્સ ૧૧૩ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા તેના બોન્ડ ખરીદવાના કાર્યક્રમને તીવ્ર રીતે સમાપ્ત કરવાની જાહેરાત કર્યા પછી પણ વૈશ્વિક બજારો ઉંચા આવતાં સ્થાનિક બજારો ઉંચા ગયા હતા. વેપારીઓના મતે ડોલર સામે રૂપિયાના વિનિમય દરમાં વધારો થવાથી પણ સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે. જો કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચાણ ચાલુ રાખવાથી લાભને મર્યાદિત કરવામાં આવ્યો હતો.

સેન્સેક્સના શેરમાં ૨.૬૧ ટકાના વધારા સાથે બજાજ ફાઈનાન્સ ટોપ ગેઈનર હતું. આ સિવાય ઈન્ફોસીસ, ટાઈટન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ,

● અનુસંધાન પાના - ૭ પર

# ઝડપથી પ્રસરી રહેલા ઓમિક્રોનથી વિશ્વભરમાં ડરનો માહોલ છવાયો

## ઓમિક્રોનથી હાહાકાર, ફ્રાંસે બ્રિટન આવવા-જવા પર રોક લગાવી : બ્રિટનથી પર્યટન અને બિઝનેસ પ્રવાસ સંપૂર્ણ રીતે બંધ રહેશે અને બ્રિટનથી આવતા મુસાફરોને ૨૪ કલાક પહેલાનો કોવિડ નેગેટિવ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે

પેરિસ,તા.૧૭

કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનના વધતા મામલાઓની ચિંતાની વચ્ચે ફ્રાંસે બ્રિટન આવવા-જવા પર રોક લગાવવાની જાહેરાત કરી છે. સાથે જ મુસાફરી માટે કારણોની મર્યાદા નક્કી કરતા ફ્રાંસે ૪૮ કલાકના આઈસોલેશનને ફરજિયાત કરી દીધું છે. બ્રિટનમાં બુધવારે કોરોના વાયરસના રેકોર્ડ કેસ નોંધાયા છે. તે પછી સમગ્ર દુનિયામાં કોરોનાના નવા વેરિયન્ટને લઈને ચિંતા વધી ગઈ છે. ફ્રાંસના વડાપ્રધાન જીન કેસ્ટેક્સે કહ્યું કે, બ્રિટનમાં ઓમિક્રોન વેરિયન્ટના ફેલાવાને જોતા શુક્રવારે મધરાત પછી શનિવારથી નવા નિયમો લાગુ થશે. ફ્રાંસ સરકારના એક પ્રવક્તાએ સ્થાનિક મીડિયાને જણાવ્યું કે, બ્રિટનથી પર્યટન અને બિઝનેસ પ્રવાસ સંપૂર્ણ રીતે બંધ રહેશે અને બ્રિટનથી આવતા મુસાફરોને ૨૪ કલાક પહેલાનો કોવિડ નેગેટિવ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. અચાનક ઉઠાવાયેલા આ પગલાંથી મુસાફરી કરનારા બંને દેશોના લોકોના આયોજનો ખોરવાઈ જશે. કેટલાક મુસાફરોએ આ પગલાંને રાજકારણથી પ્રેરિત હોવાને લઈને સવાલ ઉભા કર્યા છે. તો, બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસના પ્રવક્તા મેક્સ બ્લેને કહ્યું કે, આ પગલાંને લઈને જોનસનની ફ્રાંસના પ્રેસિડન્ટ ઈમેનુઅલ મેક્રોં સાથે કોઈ ચર્ચા નથી થઈ અને બ્રિટનની આ પ્રકારની જવાબી કાર્યવાહીની કોઈ યોજના નથી. બ્રિટનમાં બુધવારે કોરોનાના નવા ૭૮,૬૧૦ કેસ નોંધાય છે. જે દેશમાં અત્યાર સુધીમાં સૌથી વધુ દૈનિક મામલા છે. સંક્રમણના નવા કેસો માટે વાયરસના ડેલ્ટા વેરિયન્ટની સાથે-સાથે ઓમિક્રોન વેરિયન્ટ પણ મુખ્ય રીતે જવાબદાર છે. આ પહેલા બ્રિટનમાં સૌથી વધુ દૈનિક મામલા ૮ જાન્યુઆરીએ સામે આવ્યા હતા. એ સમયે ૬૮,૦૫૩ નવા કેસ નોંધાયા હતા.




# સરકારના ઘણા નિર્ણય ખોટા હોઈ શકે, ઈરાદા નહીં : શાહ

## ફિક્કીના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રીનું વક્તવ્ય : ૧૩૦ કરોડ લોકોનો દેશના લોકતંત્ર પર વિશ્વાસ વધ્યો છે તે ભાજપ સરકારની મોટી ઉપલબ્ધિ હોવાનો દાવો

નવી દિલ્હી, તા.૧૭

ભારતના ગૃહ મંત્રી અને ભાજપના ટોચના નેતા અમિત શાહે કહ્યુ છે કે, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે લીધેલા કેટલાક નિર્ણયો ખોટા સાબિત થયા હોય તેવુ બન્યુ હોઈ શકે છે પણ અમારો ઈરાદો ક્યારેય ખોટો રહ્યો નથી. ફિક્કીના કાર્યક્રમમાં અમિત શાહે કહ્યુ હતુ કે, સરકારની ટીકા કરનારાઓ પણ જોઈ રહ્યા છે કે, સરકારમાં કેટલા બદલાવ થયા છે.કોરોના સમયે સરકારે ઘણી યોજનાઓ લાગુ કરી હતી.જેના પરિણામો આગામી સમયમાં જોવા મળશે.દેશ ઝડપથી આગળ વધશે. અમિત શાહે કહ્યુ હતુ કે, ભારતની ઈકોનોમી દુનિયામાં સૌથી ઝડપથી વિકસતી ઈકોનોમી બનવા જઈ રહી છે.ભારતનો ગ્રોથ રેટ ડબલ ડિજિટમાં પહોંચે તો મને આશ્ચર્ય નહીં થાય. આ સરકારે પોણા બે વર્ષ સુધી ૮૦ કરોડ લોકોને દર મહિને માથા દીઠ પાંચ કિલો અનાજ મફત આપ્યુ છે.આ બહુ મોટુ કામ છે અને દુનિયામાં કોઈએ આવુ કામ નથી કર્યુ.૧૩૦ કરોડ લોકોનો દેશના લોકતંત્ર પર વિશ્વાસ વધ્યો છે તે સરકારની મોટી ઉપલબ્ધિ છે.



# જનરલ નરવણેએ હાલ સી.ડી.એસ.ની કેટલીક જવાબદારીઓ સંભાળી

## ત્રણેય સેના પ્રમુખમાંથી જ આગામી સીડીએસની પસંદગી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરૂવારે આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ નિર્ધારિત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હોવાની માહિતી આપી હતી. જોકે આ અંગેનો નિર્ણય ક્યાં સુધીમાં લેવામાં આવશે તેની કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે, દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતનું ગત ૮ ડિસેમ્બરના રોજ તમિલનાડુના કુન્નૂર ખાતે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં અવસાન થયું હતું.



જનરલ બિપિન રાવતના અવસાન બાદ આગામી સીડીએસના નામને લઈ ચર્ચા થઈ રહી છે. એવું કહેવાઈ રહ્યું છે કે, ત્રણેય સેના પ્રમુખમાંથી જ દેશના આગામી સીડીએસની પસંદગી થઈ શકે છે. આ બધા વચ્ચે સેના પ્રમુખ જનરલ એમએમ નરવણેએ હાલ સીડીએસની કેટલીક જવાબદારીઓને ચીફ ઓફ સ્ટાફ કમિટિના અધ્યક્ષ તરીકે સંભાળી લીધી છે. ચીફ ઓફ સ્ટાફ કમિટિ (સીઓએસસી)માં થલ સેના, નૌસેના અને વાયુ સેનાના પ્રમુખ સામેલ છે. આ સમિતિ સૈન્ય મુદ્દાઓને નિર્ધારિત કરનારી મુખ્ય સંસ્થા છે. જનરલ રાવતે કાર્યભાર સંભાળ્યો તે સાથે જ ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સીડીએસના પદની રચના કરવામાં આવી હતી. સીડીએસને સમિતિના સ્થાયી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જનરલ રાવતના અવસાન બાદ જનરલ નરવણેએ ૐજીઝનું પદ સંભાળી લીધું છે કારણ કે, તેઓ સેવારત પ્રમુખોમાં સૌથી વરિષ્ઠ છે.

# વડાપ્રધાન મોદીને ભૂતાનનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર

## ફરી એક વખત વિદેસી ભૂમિ પર ભારતનો ડંકો વાગ્યો : ભૂતાને મિત્રતા-આંતરિક સહયોગ માટે પુરસ્કાર આપ્યો

નવી દિલ્હી, તા.૧૭

ફરી એક વખત વિદેશમાં ભારતનો ડંકો વાગ્યો છે. ભૂતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પોતાના સર્વોચ્ય નાગરિક પુરસ્કાર વડે સન્માન કર્યું છે. ભૂતાનના વડાપ્રધાને ટ્વિટરના માધ્યમથી આ અંગેની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન મોદીને ભૂતાનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર નગાડગ પેલ ગી ખોરલોવડે સન્માનિત કરવામાં આવ્યા છે. ભૂતાને મિત્રતા અને આંતરિક સહયોગ માટે વડાપ્રધાન મોદીને આ પુરસ્કાર આપ્યો છે. ભૂતાન સરકારે જણાવ્યું

● અનુસંધાન પાના - ૭ પર



# વૈશ્વિક દેવુ બીજા વિશ્વ યુધ્ધ બાદ સૌથી મોટું

૨૦૨૦માં વૈશ્વિક દેવાનો આંક વધીને ૨૨૬ ટ્રિલિયન ડોલર (અંદાજે રૂ. ૧૭૨૨૧ લાખ કરોડ) પર પહોંચી ગયાનું ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ) દ્વારા જાહેર કરાયું હતું. સમગ્ર વિશ્વ ૨૦૨૦માં કોરોનાવાઈરસની મહામારીની ચપેટમાં આવી ગયું હતું.

ગયા કેલેન્ડર વર્ષમાં વૈશ્વિક દેવું ૨૮ ટકા વધી વૈશ્વિક જીડીપીના ૨૫૬ ટકા રહ્યું હતું. બીજા વિશ્વ યુદ્ધ બાદ વૈશ્વિક દેવામાં આટલો મોટો વધારો પહેલી વખત જોવા મળ્યો છે, એમ આઈએમએફના રાજકોષિય બાબતોના વિભાગના ડાયરેકટર વિટર ગાસ્પરે એક બ્લોગમાં જણાવ્યું હતું.

વિકસિત દેશોમાં દેવાના પ્રમાણમાં જોરદાર વધારો થયો છે. વિકસિત દેશોમાં જાહેર દેવાની માત્રા ૨૦૦૭માં જે જીડીપીના ૭૦ ટકા આસપાસ હતી તે ૨૦૨૦માં વધીને ૧૨૪ ટકા પર પહોંચી ગઈ છે. જો કે આ ગાળામાં ખાનગી દેવું જીડીપીના ૧૬૪ ટકાથી સાધારણ વધી ૧૭૮ ટકા થયું હતું.

ઊંચા દેવા તથા વધી રહેલા ફુગાવાના વાતાવરણ વચ્ચે મજબૂત રાજકોષિય અને નાણાં નીતિ પૂરી પાડવાનું નીતિવિષયકો માટે પડકારરૂપ બની રહે છે એમ આઈએમએફ દ્વારા નોંધવામાં આવ્યું હતું. દેવામાં વધારો નબળાઈઓ પણ વધારે છે.

વૈશ્વિક વ્યાજ દરો અપેક્ષા કરતા ઝડપી વધશે અને વિકાસ મંદ પડશે તો, દેવાને લગતા જોખમોમાં વધારો થશે એવો પણ મત વ્યકત કરવામાં આવ્યો હતો.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને પ્રેક્ટિકલ અભિગમથી સામાન્ય ખર્ચમાં ઉચ્ચ જ્ઞાન પ્રાપ્તિ ની તક

ગુજરાત યુનિવર્સિટી
જ્યોતિષ-વાસ્તુ સર્ટિફિકેટ કોર્સ

- માત્ર 3 કલાક દર રવિવારે- 6 માસ
- ધોરણ 12 પાસ,
- દરેક ઉમ્મર ના વ્યક્તિ માટે

કોર્સની સંપૂર્ણ વિગત માટે
90999 12144
www.CosmoGuru.com

**Change of Name**

I Bhavana Joshi, spouse of Dhananjay Chandulal Joshi resident of 'SUMITRA', Plot No 1631/1, Sector- 5-C, Gandhinagar - 382006, Gujarat, have changed my name from Bhavana Joshi to Bhavna Dhananjay Joshi vide affidavit

Dated 16-12-2021
at Gandhinagar,
Gujarat.




વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે

**શ્રધ્ધાંજલિ**



**સ્વ. વિદ્યાબેન વ્યાસ**

વિદ્યા વહેંચી વિદ્યાર્થીઓને
ધાવાપૃથિવી ઉપર કીર્તિ કમાયા
ઉદાર દિલથી સૌ ની સેવા કરી
મેહની માફક વરસતા હેતની સાથે
શકટ ચલાવી જાણ્યુ સંસાર કેરૂ.

તમારા આધારે અડીખમ ઉભેલા પરિવારને, આમ નોધારો છોડીને કેમ જતા રહ્યા?!

કઠણ કાળજાનાં એ કુદરતે, આપને છીનવી લઈને,
અમારા ઉપર કેવો કેર વર્તાવ્યો છે એ દર્શાવવા માટે તો
અમારા અગણિત ડુસકાઓ પણ ઓછા પડે.

આપની વસમી વિદાયનાં વિઘાતમાં ડૂબેલા

**ઉમેશચંદ્ર પી. વ્યાસ**

મિલન • જિજ્ઞાસા • સોહમ્
નયન • અલકા • વેદ
સોનલ • અજય • યજ્ઞ • ધ્યાની